# ચિલોડા સર્કલથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

## એલ.સી.બી.એ. વૉચ ગોઠવીને રૂ. ૫.૩૫ લાખનાં મુદ્દામાલ સાથે બે બુટલેગરોની ધરપકડ કરી : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૧૦

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી એસ.એક્ષ-૪ કાર પસાર થતી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે વૉચ ગોઠવીને



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા સર્કલથી કાર ઝડપી લીધી હતી. કારમાં તપાસ કરતાં તેમાંથી ૭૪૪ નંગ દારૂની બોટલ અને બિયરના ટીન મળી આવ્યા હતાં. એલસીબીએ બે બુટલેગરોની રૂ. ૫.૩૫ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે. એક વોન્ટેડ બુટલેગરની શોધખોળ પણ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારને બાતમી મળી હતી કે હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી દારૂ-બિયર ભરેલી કાર ડીલીવરી આપવા નીકળી છે આજે સવારે ચિલોડા સર્કલ પાસે બાતમીમાં મળેલા કાર નં. જીજે-૧૮-એ.એક્ષ.૯૬૭૭ની વૉચ ગોઠવીને બેઠા હતા દરમિયાન તે બાતમી વાળી કાર પસાર થતા ચિલોડા સર્કલે કાર ઉભી કરાવી દઈને તપાસ કરી હતી. કારમાંથી દારૂની બોટલો અને બિયરના ટીનનો જથ્થો ભર્યો હતો. ૭૪ નંગ દારૂ-બિયર ગાડીમાં પડી હતી. એલ.સી.બી.એ રૂ. ૮૦,૪૦૦નો દારૂ-બિયર તથા બે નંગ મોબાઈલ અને કાર મળીને રૂ. ૫,૩૪,૯૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને બે બુટલેગરની ધરપકડ કરી લીધી છે. રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના અશોક મણીલાલ ડામોર, હનુમાનગઢ વિસ્તારના વિકાસ ભોપાલરામ ગોધારાની ધરપકડ કરી લેવાઈ છે. આ બંને જણાં ખેરવાડા વિસ્તારના ભરત ઉર્ફે લંગડો ઉર્ફે ભુરાજી ઉધાજી ડાંગી નામના શખ્સ પાસેથી માલ લાવ્યા હોવાનું નિવેદન આપતા તેના વિરૂધ્ધ પણ ગુનો દાખલ કરીને તેની શોધખોળ એલસીબી પીએસઆઈ એ.કે. પરમારે શરુ કરી છે. ચિલોડા પોલીસ સ્ટેશનમાં ત્રણેય શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આરંભાઈ છે.

# સૌરાષ્ટ્ર, દક્ષિણ, મધ્ય ગુજરાતમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ

## અમદાવાદમાં એક ઝાડ અને ભૂવો પડ્યો : ૧૨ કલાક સુધી સમગ્ર રાજ્યમાં એકાદ-બે સ્થળો પર ભારે વરસાદી ઝાપટા પડવાની હવામાનની આગાહી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહિત રાજ્યમાં આજે ઠેર ઠેર વરસાદ પડતાં ખેડૂતો સહિત નાગરીકો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. રાજ્યમાં આજે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. અમરેલીના વડીયામાં ૫૨ મીમી, આણંદના સોજીત્રામાં ૮૬ મીમી, ભાવનગર તાલુકામાં ૫૫ મીમી, ભરૂચના જંબુસરમાં ૫૧ મીમી, પોરબંદરના કુતીયાણામાં ૫૩ મીમી, રાજકોટના મોરબીમાં ૬૦ મીમી, જસદણમાં ૪૨ મીમી અને જેતપુરમાં ૪૮ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે એક ઈંચથી વધુ વરસાદ આણંદના ખંભાતમાં ૩૫ મીમી, બોરસદમાં ૩૦ મીમી, તારાપુર, ભાવનગરમાં તાળાજા, ભરૂચમાં વાગરા, જુનાગઢમાં કેશોદ, વિસાવદર, ખેડા તાલુકો, રાજકોટમાં પડધરી અને ઉપલેટામાં પડ્યો હતો. જ્યારે બનાસકાંઠા, દાહોદ, કચ્છ, પાટણ, મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં આજે વરસાદ પડ્યો ન હતો. અમદાવાદ શહેરમાં આજે સવારથી ધીમીધારે વરસાદ પડ્યો હતો. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આજે સવારથી આકાશ કાળા વાદળોથી ઘેરાઈ ગયું હતું. અને અવારનવાર ઝાપટા પડ્યા હતા. આમ આખો દિવસ શહેરમાં વરસાદી માહોલ છવાયો હતો અને સાંજે ધુમ્મસ છવાઈ જતાં રોમેન્ટીક એટમોસ્ફીયર સર્જાયું હતું. આજે શહેરમાં સરેરાશ ૭.૫૧ મીમી વરસાદ નોંધાયો હતો. ઝોન મુજબ પૂર્વ ઝોનમાં ૦.૬૭ મીમી, પશ્ચિમ ઝોનમાં ૧૮.૫૩ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૧૩.૫૦ મીમી, મધ્ય ઝોનમાં ૯.૦૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૩.૧૭ મીમી વરસાદ નોંધાયો હતો. શહેરમાં



કોમર્સ છ રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા જતાં લીબર્ટી કોમ્પલેક્સ પાસે એક ઝાડ પડ્યું હતું. જ્યારે વાસણામાં વણકર વાસ પાસે એક ભૂવો પડ્યો છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૧૨ કલાક સુધી સમગ્ર રાજ્યમાં એકાદ-બે સ્થળોએ વરસાદના ભારેથી અતિ ભારે ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. રાજ્યમાં દક્ષિણ ગુજરાત, દમણ અને દાદરા-નગર-હવેલીમાં મોટાભાગના સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડશે અને સૌરાષ્ટ્ર, દીવ, ઉત્તર ગુજરાત અને કચ્છના ઘણા સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૩ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૮૭ ટકા નોંધાયું હતું.



# ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહનું બીજા સેમિસ્ટરનું પરિણામ જાહેર થયું

## ૮૬ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડ મેળવ્યો : એ ગ્રૂપમાં ૨૭, બી ગ્રૂપમાં ૫૯ વિદ્યાર્થીએ એ વન ગ્રેડ મેળવ્યો: પરિણામ જાણવા વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા દેખાઈ

અમદાવાદ,તા. ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચસ્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારે ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમીસ્ટર-૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડની વેબસાઈટ ઉપર સવારે પરિણામ જાહેર કરાતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. આ વર્ષે ધોરણ ૧૧માં ૧૧૬૬૭૨ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા જેમાં ૧૧૬૫૪૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. એમાં ગ્રૂપ એના ૭૪૩૮૫ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા જેમાં ૭૪૩૦૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. બી ગ્રૂપમાં ૪૨૨૪૫ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા અને ૪૨૧૯૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે એબી ગ્રૂપની વાત કરવામાં આવે તો આમા ૪૨ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા અને ૪૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રૂપ એમાં ૨૭ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડ અને ૧૧૩૪ વિદ્યાર્થી એ-ટુ ગ્રેડ મેળવ્યો છે. જ્યારે બી ગ્રૂપમાં ૫૯ વિદ્યાર્થીઓએ એ-વન અને ૧૪૦૩ વિદ્યાર્થીઓએ એ-ટુ ગ્રેડ મેળવ્યો છે. એબી ગ્રૂપમાં એક પણ વિદ્યાર્થીઓએ એ-વન કે એ-ટુ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા નથી. પ્રવાહ પ્રમાણે વાત કરવામાં આવે તો ગુજરાતી પ્રવાહના ૫૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જ્યારે ૧૫૫૫ વિદ્યાર્થીઓએ એ-ટુ ગ્રેડ મેળવ્યો છે.

અંગ્રેજી જેમાં ૩૬ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ અને ૯૮૦ વિદ્યાર્થીઓએ એ-ટુ ગ્રેડ મેળવ્યો છે. જો પરિણામને જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો રાજકોટ જિલ્લામાં સૌથી વધારે ૧૮ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. આના પછી સુરતમાં ૧૪ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. અમદાવાદ શહેર અને વડોદરામાં ૧૩-૧૩ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. બોર્ડની પરીક્ષા સમીતિના ઠરાવ મુજબ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમીસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવેલ છે. તે પ્રમાણે વિદ્યાર્થીઓને ચારે સેમીસ્ટરમાં જે તે વિષયમાં મેળવેલા ગુણનો સરવાળો કરવામાં આવશે અને તેને પ્રાપ્ત કરેલા સરેરાશ ગુણ જો ૩૩ (ડી ગ્રેડ કે તેથી વધારે) કે તેથી વધુ હશે તો તેને વિષયમાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે. આ નીતિ હેઠળ હવે વિદ્યાર્થી જે તે વિષયમાં એકંદરે જે તે સેમિસ્ટરમાં મેળવેલ માર્કસના આધારે ઉત્તીર્ણ કે અનુતીર્ણ જાહેર થશે નહીં. તેથી બીજા સેમીસ્ટરના વિદ્યાર્થીઓનું પરિણામ પાસ કે નાપાસમાં આપવામાં આવેલ નથી પણ વિદ્યાર્થીઓના વિષયવાર માર્ક્સ અને તે વિષયમાં મેળવેલ ગ્રેડ માર્કશીટમાં જણાવેલ છે.

## ભાજપા લઘુમતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ સ્વ. કાદરભાઈ સલોતને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય જનતા પાર્ટી લઘુમતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી કાદર સલોતના અકાળે દુઃખદ અવસાન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ પોતાના ટ્વીટર ઉપર સ્વ. કાદર સલોતને શ્રદ્ધાંજલિ પાઠવતાં લઘુમતિ મોરચાના અધ્યક્ષ તરીકે ભારતીય જનતા પાર્ટીના અદના સેવક જેમ કાર્યરત રહેલા સ્વ. કાદર સલોતની આજીવન કર્તવ્ય પરાયણતાની પ્રસંશા કરી છે અને સદ્‌ગતના આત્માની પરમશાંતિ માટે પ્રાર્થના કરી છે.

## ભારતીય જનતા પાર્ટીનાં લઘુમતિ મોરચાના અધ્યક્ષ કાદરભાઈ સલોતનું દુઃખદ અવસાન

અમદાવાદ,તા. ૧૦

ભારતીય જનતા પાર્ટીનાં પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ એક નિવેદનમાં ગુજરાત ભાજપાનાં લઘુમતી મોરચાનાં અધ્યક્ષ અને અલ્પ સંખ્યક નાણાંકીય નિગમનાં ઉપાધ્યક્ષ શ્રી કાદરભાઈ સલોતનાં અકાળે થયેલા દુઃખદ અવસાન અંગે ઘેરા શોક અને દુઃખની લાગણી પ્રકટ કરી છે.

પ્રમુખશ્રીએ શ્રી કાદરભાઈ સલોતના પાર્ટી માટે તેમણે કરેલ કાર્યો તથા તાજેતરની ચૂંટણીઓમાં પ્રદાનની પ્રશંસા કરી, આવા અગ્રણી, ખંતીલા, કર્મઠ કાર્યકરને ગુમાવ્યાની સખેદ નોંધ લઈને સ્વર્ગસ્થને સમગ્ર ગુજરાત ભાજપા પરિવાર વતી શ્રદ્ધાંજલિ અર્પી હતી અને તેમના કુટુંબીજનો પ્રત્યે સહાનુભૂતિની લાગણી પ્રકટ કરી હતી.

# ઈશરત પ્રકરણમાં વણઝારા ૨૪મી જૂન સુધી કસ્ટડીમાં રાખવા હુકમ

## મુંબઈ ટ્રાન્સફર કરવાની માંગ કોર્ટે ફગાવી : સીબીઆઈ દ્વારા વણઝારા માટે વધારે રિમાન્ડ માંગવામાં ન આવતા કસ્ટડીમાં રાખવા માટેનો આદેશ જારી કરાયો

અમદાવાદ, તા.૧૦

દેશભરમાં ચકચાર જગાવનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં મહત્વના આરોપી ડી.જી. વણઝારાના ૫ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા હોય તેને સીબીઆઈ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. સીબીઆઈ દ્વારા વણઝારાના વધુ રિમાન્ડ ન માંગતા કોર્ટે ૨૪મી જૂન સુધી કસ્ટડીમાં રાખવાનો હુકમ કર્યો છે. ઉપરાંત જ્યુડિશિયલ કસ્ટડી સાથે મુંબઈ ટ્રાન્સફર કરવાની સીબીઆઈની માંગ કોર્ટે ફગાવી દીધી છે.

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં હાઈ પ્રોફાઈલ સ્ટેટસ ધરાવતા મહત્વના આરોપી ડી.જી. વણઝારાને સીબીઆઈ દ્વારા મુંબઈ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ બાદ રિમાન્ડ પર મેળવ્યો હતો. વણઝારાના ૫ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા હોઈ સીબીઆઈએ આરોપી વણઝારાને નામદાર કોર્ટમાં રજુ કર્યો હતો. સીબીઆઈ દ્વારા વણઝારાના વધુ રિમાન્ડ ન માંગતા સીબીઆઈ કોર્ટે ડી.જી. વણઝારાને ૨૪મી જૂન સુધી સાબરમતી સેન્ટ્રલ જેલમાં રાખવાનો હુકમ કર્યો છે. ઉપરાંત સીબીઆઈએ જ્યુડિશિયલ કસ્ટડી સાથે મુંબઈ ટ્રાન્સફરની કોર્ટમાં માંગણી કરી હતી. પરંતુ કોર્ટે સીબીઆઈની માંગણી ફગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડી.જી. વણઝારાના રિમાન્ડ દરમ્યાન સીબીઆઈને મહત્વની કડીઓ મળી છે ઉપરાંત ચોકાવનારી વિગતો પણ બહાર આવી છે. ખાસ તેમણે આઈબીના ઈનપુટ્સ બાબતે સ્પષ્ટતા કરી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે આઈબીના ઈનપુટ્સ વિશે પોતે માહિતગાર નથી અને એન્કાઉન્ટર અંગેના ઈનપુટ્સ રાજેન્દ્રકુમારે એ વખતના શહેર કમિશનર કે.આર. કૌશિકને આપ્યા હતા ઉપરાંત એન્કાઉન્ટર પહેલા એફઆઈઆર બનાવવા બાબતે પણ સ્પષ્ટતા કરી હતી.

# ઝડફિયા સહિત ૨૦૦ કાર્યકરોને પોલીસ દ્વારા હિરાસતમાં લીધા

## પાક વિમો મેળવવા જીપીપી દ્વારા ચક્કાજામ આંદોલન : ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ખેડૂતોને પાક વિમો અપાવવા માટે રાજકોટના ગોંડલ ચોકડી પાસે ચક્કાજામ આંદોલન

અમદાવાદ, તા.૧૦

ખેડૂતો માટે પાક વિમાની માંગણી સાથે ગુજરાત પરિવર્તન પાર્ટીએ આજે રાજકોટમાં ચક્કાજામ કર્યા હતા. રાજકોટના ગોંડલમાં ખેડૂતો સાથે ગુજરાત પરિવર્તન પાર્ટીના નેતા ગોરધન ઝડફિયા અને બીજા કાર્યકર્તાઓએ ચક્કાજામ કરવા પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન પોલીસે તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પોતાની માંગણી અને રાજ્ય સરકાર વિરુદ્ધ જીપીપીના નેતાએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને ખેડૂતો માટે પાક વિમો અપાવવા માટે માંગણી કરી હતી. તેમને બેનરો સાથે પોતાની માંગણી રજૂ કરી હતી. તેમનું કહેવું હતું કે પાક વિમો મેળવવો કિસાનનો હક છે. જીપીપીના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર, કચ્છમાં દુષ્કાળની કારમી સ્થિતિમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. તાજેતરમાં પાક વિમો ન મળવાને કારણે જામનગર જીલ્લાના કલ્યાણપુર તાલુકામાં ધરતીપુત્રએ કરેલ આત્મહત્યાથી સમગ્ર ખેડૂત આલમ હચમચી ઊઠી છે.

જ્યારે બીજી તરફ ભાજપ સરકાર કૃષિરથના કરોડો રૂપિયા ખર્ચીને મહોત્સવ મનાવી રહી છે. આટલી રકમ પણ જો ખેડૂતોને આપી હોત તો મોતને વ્હાલું ન કરવું પડત. ભાજપ સરકારના મુખ્યમંત્રીને સપ્ટેમ્બર મહિનામાં જ ખ્યાલ આવી ગયો હતો કે દુષ્કાળ પડી ચુક્યો છે. ખેડૂતોએ પ્રિમયમ ભરેલ હોવા છતાં સરકારે હજી પાકવિમો ચૂકવ્યો નથી, જેના કારણે વાવણીનો સમય આવવા છતાં ખેડૂતો ખાતર બિયારણ ખરીદી શકતા નથી અને વ્યાજખોરોના શિકાર બની ઉંચા વ્યાજે નાણાં લેવા મજબૂર બન્યા છે. પાકવિમો મેળવવો એ સરકારની દયા કે દાન નથી ખેડૂતોનો હક છે. ગોંડલ ચોકડી પાસે ચક્કાજામ કરવા માટે એકત્ર થયેલ જીપીપીના નેતા ગોરધન ઝડફિયા સહિત ૨૦૦ લોકોને પોલીસે હિરાસતમાં લીધા હતા.

# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભાજપના ચાર ધારાસભ્યોએ ધારાસભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ભાજપના નવ નિર્વાચિન ચાર ધારાસભ્યોએ આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને સમર્થકોની ઉપસ્થિતિમાં વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ધારાસભ્ય તરીકેનો શપથગ્રહણ કર્યો હતો.

તાજેતરમાં વિધાનસભાની ચાર બેઠકોની યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપના ચારેય ઉમેદવારોનો ભવ્ય વિજય થવા પામ્યો હતો. જેતપુર બેઠક પરથી જયેશ રાદડીયા, ધોરાજી બેઠક પરથી પ્રવીણભાઈ માંકડીયા, લીંબડી બેઠક પરથી કિરીટસિંહ રાણા અને મોરવાહડફ બેઠક પરથી મનીષાબેન સુથારનો વિજય થવા પામ્યો હતો.

ભાજપના આ નવા ચારેય ધારાસભ્યોએ આજે વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા સમક્ષ ધારાસભ્ય તરીકેના શપથ ગ્રહણ કર્યા હતા. આ સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ, સંસદીય મંત્રીઓ ગણપતભાઈ વસાવા, પ્રદીપસિંહ જાડેજા ઉપરાંત મંત્રીમંડળના સભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્યોને વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળાએ શપથગ્રહણ કરાવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સૌ આગેવાનોએ ધારાસભ્યોને પુષ્પગુચ્છ આપીને શુભેચ્છા પાઠવી હતી.

વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં ભાજપના ચાર ધારાસભ્યોની યોજાયેલ શપથવિધિમાં રાજ્યમંત્રીમંડળના સીનીયર મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યમંત્રી લીલાધરભાઈ વાઘેલા, પ્રદેશ ઉપપ્રમુખ આઈ.કે. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

## અડવાણીના રાજીનામાથી ભાજપના ખાનપુર કાર્યાલય પર સન્નાટો

ગાંધીનગર, તા.૧૦

ભાજપના રાષ્ટ્રીય નેતા એલ.કે. અડવાણીના રાજીનામાથી ગુજરાત ભાજપ કાર્યાલય પર સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. એટલું જ નહીં પ્રદેશના કોઈ જ નેતાઓ પણ પ્રતિક્રિયા આપવા તૈયાર ન હતાં.

ગોવા ખાતે મળેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવતાં ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલય પર જશ્નનો માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં કાર્યાલયો પ્રદેશ કાર્યાલય પર ઉમટીને ઢોલ નગારા વગાડીને મોદીની નિમણુંકને વધાવી હતી.

જો કે આજે ભાજપના રાષ્ટ્રીય નેતા એલ.કે. અડવાણીએ આજે ભાજપ પક્ષના મહત્વના ત્રણ પદ પરથી રાજીનામું આપતાં પ્રદેશ ભાજપ કાર્યાલય પર સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. પ્રદેશ કાર્યાલય પર પ્રદેશના એક પણ નેતા જોવા મળતા ન હતાં કે કાર્યકરો પણ ન ફરકતાં પ્રદેશ કાર્યાલય પર સુમસામ ભાસી રહ્યું હતું.

અડવાણીના રાજીનામા અંગે પ્રતિક્રિયા મેળવવા માટે પ્રદેશ ભાજપના આગેવાનોનો સંપર્ક સાધતા તેમણે પ્રતિક્રિયા આપવાનો ઈન્કાર કરીને એવું જણાવ્યું હતું કે દિલ્હીથી પક્ષના નેતાઓ કહેશે.

## રાજકોટમાં ૧૫મીએ જાથાનું મહાસંમલેન

રાજકોટ, તા.૧૦

ભારતીય જન વિજ્ઞાન જાથાનું તા. ૧૫મી જૂનના રોજ જાથાના સભ્યોનું રાજય વ્યાપી મહાસંમેલન યોજાશે. જેમાં અંધશ્રદ્ધા નાબુદ કરવાની ચળવળ કરવાનું સઘન આયોજન થાય. રેશનાલીઝમ કાર્યક્રમનું જ્ઞાન અપાશે. વધુ માહિતી માટે મો. ૯૪૨૬૯૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે.

## શબ્દાવલી - ૫૦૮૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | | ■ | ૭ | | |
| | ■ | ૮ | | ૯ | | ■ | |
| ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ૧૨ | | | ■ | ૧૩ | | | ■ |
| ૧૪ | | | ૧૫ | ■ | ■ | ૧૬ | ૧૭ |
| | ■ | | | ■ | ૧૮ | | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. ઘરમાં ભરાઈ રહે તેવી (૫)
૪. મર્યાદા, ઈજ્જત (૨)
૬. ... નરવા છો ને? (૨)
૭. થોડીકવાર, જરાવાર (૩)
૮. કાપડ-કાગળની વધારાની પટ્ટીઓ (૪)
૧૦. પડદો, વસ્ત્ર (૪)
૧૧. જૂનું, નહિ તેવું (૨)
૧૨. હેસિયત (૩)
૧૩. ખુણો, ખુણાનો ભાગ (૩)
૧૪. બિલાડીના ટોપ જેવો ખાદ્ય પદાર્થ (૪)
૧૬. ... ત્યાં જંપ (૨)
૧૮. પર્વત, ડુંગર (૩)
૧૯. દરિયો, સાગર (૪)
૨૦. નદીમાં... હોડી ખૂબ સરસ લાગે (૩)

### ઊભી ચાવી

૧. ઘસાઈ જાય તે (૩)
૨. છુટ્ટી (૨)
૩. કુપાત્ર (૪)
૪. વહુ, નવી પરણેલી સ્ત્રી (૨)
૫. જકડી રાખવું (૪)
૭. હથોડી, લુહારનું સાધન (૨)
૮. પ્રપંચ, ખરાબયોજના (૪)
૯. રેતીનું મેદાન (૨)
૧૦. નભ, વ્યોમ (૩)
૧૧. માનવ હત્યા (૫)
૧૨. ૐ શબ્દ (૪)
૧૫. મક્કારી કરતું હોય તેવું (૩)
૧૭. ચડતી - તો આવ્યા કરે (૩)
૧૮. પરીક્ષા, કસોટી (૨)

### શબ્દાવલી ૫૦૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરોવર (૫) ગોદામ (૮) પમરાટ (૯) બગલ (૧૦) મોઘમ (૧૩) રગેત (૧૫) સરકો (૧૬) સરવા (૧૮) પરવા (૨૦) ફઈ (૨૧) ટકો (૨૨) ધડબડાટ (૨૪) મજા (૨૫) લાટ

**ઊભી ચાવી :-** (૧) સપરમો (૨) રોમ (૩) વરા (૪) રટણ (૫) ગોબરગેસ (૬) દાગ (૭) મલમ (૧૧) ઘસરકો (૧૨) મરવા (૧૪) તરફડાટ (૧૭) વાઈટ (૧૮) પટલ (૧૯) કોડ (૨૨) ધજા (૨૩) બલા

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ
● ... ફીટીંગ
● ટ્યૂબલેસ ... કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

## ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જ્યારે ૯ વિદ્યાર્થી એ-૨ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે. આ ઉપરાંત બી-વનમાં ૩૬ અને બી-૨માં ૭૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ચાંદખેડા કેન્દ્રનું પરિણામ ૮૮.૫૨ ટકા આવ્યું છે. જ્યારે માણસા કેન્દ્ર પરથી પણ ૨૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. એ-૧ ગ્રેડમાં આ કેન્દ્રના એક પણ વિદ્યાર્થીને સ્થાન મળ્યું નથી. માણસા કેન્દ્રનું પરિણામ ૮૭.૦૭ ટકા રહ્યું છે. જિલ્લાના ચારેય કેન્દ્રો પૈકી કલોલ કેન્દ્રનું પરિણામ સૌથી ઉંચુ રહ્યું છે. કલોલ કેન્દ્ર પરથી ૪૩૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ કેન્દ્રમાં પણ એ-૧ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીને સ્થાન મળ્યું નથી. જ્યારે એ-૨ ગ્રેડમાં ૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કલોલ કેન્દ્રનું સૌથી વધુ ૯૩.૫૬ ટકા પરિણામ આવ્યું છે.

## વરસાદી ઝાપટું

● અનુસંધાન પહેલાનું ચાલુ

થતો હતો. ગઈકાલે રાત્રે જે પ્રમાણે બફારો અનુભવાયો હતો તે જોતા ટુંક સમયમાં વરસાદ પડશે તેવું લાગતું હતું. અપેક્ષા પ્રમાણે જ આજે સવારથી જ આકાશમાં ઘેરા વાદળો ઘેરાઈ આવ્યા હતા. અગિયાર વાગ્યાની આસપાસ વરસાદી ઝાપટું શરૂ થયું હતું. પરંતુ જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તેવો વરસાદ થયો ન હતો. થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ ગયો હતો. જો કે ગાંધીનગરથી અમદાવાદની વચ્ચે સારો એવો વરસાદ પડયો હતો. વરસાદી માહોલ છવાતા તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરી ગયો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિ.સે. જેટલું નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૬ ટકા અને સાંજે ૭૩ ટકા રહ્યું હતું. જયારે વરસાદ માત્ર ૫.૫ મી.મી. જેટલો નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૨૭.૫ મી.મી. જેટલો નોંધાયો છે.